# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૮૭ • તા.૦૮ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# જ્ઞાતિ મૂક સેવક હેમરાજ ગોશર

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# બીજાના દુ:ખમાં આપણું સુખ નથી

વ્યક્તિ જ્યારે અન્યનું બૂરૂ ઈચ્છે છે ત્યારે કુદરત તેનું જ બૂરું કરી દે છે. એ તેને ખબર હોતી નથી. સ્વાર્થ, લોભ અને ઈર્ષાભાવમાં માણસ પોતાનું હિત જુએ છે. એ તો ખરેખર તેના અધોપતનનું પ્રથમ પગથિયું છે. બીજાને મારવા ઈચ્છુકને પોતાને જ માર પડે છે. જે અન્યને દુ:ખી જોવા ઈચ્છે છે આખરે તેને જ દુ:ખમાં સબડવું પડે છે એટલે જ કહેવાયું છે. બૂરાઈનો બદલો અહીંનો અહીં જ મળે છે. આ કુદરતના અસ્તિત્વનો વણલખ્યો નિયમ છે. જેને કોઈ બદલી શકતું નથી.

કાવાદાવા, ઈર્ષા, અદેખાઈને બીજાને દુ:ખી જોવાનું અસુખ માણસને દિન રાત ભગાવે છે. આવા માણસો ભલે બહારથી સુખી-સંતોષી દેખાતા હોય પણ ભીતરથી વલોપાતથી દુ:ખી દુ:ખી હોય છે. દરેક ઉપરની વ્યક્તિ તેનાથી નીચેના, નાના માણસને દબાવવાની કોશિષ કરે છે, તેનું હરેક પ્રકારે શોષણ કરે છે. પોતે સુખી રહે એ માટેના કાવા-દાવા કરે છે. આ દોટ, આ વિચાર કે વર્તન માણસનું અધોપતન નોતરે છે. પોતાનો સ્વાર્થ ન કરવાનું કરાવે છે. લોભને કદી થોભ હોતો નથી. સ્વાર્થ ભર્યો સ્વભાવ ધરાવનાર અનેક રીતે દુ:ખી હોય છે. પણ એ એને દેખાતું નથી, સમજાતું નથી. દરેક વ્યક્તિ માને છે કે બીજાને કારણે પોતે દુ:ખમાં છે પણ, પોતાનું દુ:ખ પોતાને કારણે છે એ એને સમજાતું નથી. જ્યારે એને પોતાનું દુ:ખ માત્રને માત્ર પોતાના કારણે છે એ સમજાય તો જીવનમાં પરિવર્તન આવી જાય.

જીવનમાં સુખ અને દુ:ખનું ચક્ર સતત ફરતું રહે છે. દરેકના સુખી રહેવાના અને દરેક દુ:ખી હોવાના પોતાના કારણો હોય છે, સંજોગો હોય છે. એકનું સુખ બીજાનું દુ:ખ ન બનવું જોઈએ. જીવનમાં દુ:ખ મુશ્કેલી, મૂંઝવણ ઊભી થાય ત્યારે તેના બોજ નીચે દબાવવાને બદલે ચિંતા, રાખ્યા વગર, સંજોગોને સ્વીકારી તેને કઈ રીતે દૂર કરી શકાય એ વિચારવું જોઈએ. કોઈપણ સમસ્યા આપણી ઉપર હાવી ન થવી જોઈએ. ચિંતાનો હાઉ, ભય રાખ્યા વગર તે કઈ રીતે દૂર થાય એ સમતોલ મન-મગજ રાખી શાંત રીતે વિચારવું જોઈએ.

સારા સંજોગો જલદી ચાલ્યા જાય છે જ્યારે ખરાબ સમય-સંજોગો લાંબા ચાલે છે. એવું દરેક પ્રકારે લાગે છે કારણકે આપણું મન ચંચળતા રાખી આ સદ અને બદ સમય સંજોગોને પોતાની રીતે જુએ છે. સુખ અને દુ:ખ સતત રહેતાં સંતાપ કરે છે. સુખ પણ થકવી નાખે છે. સતત સુખમાં રહી શકાય નહીં. ભય અને ચિંતા વધી જાય. અને દુ:ખમાં હતાશ થયા વગર નાહિંમત થયા વગર ટટ્ટાર છાતી રાખી. સંજોગો અને સમયનો સામનો કરીએ તો કોઈ તાણ રહેતી નથી.

સુખ અને દુ:ખ આપણી સર્જત છે. બીજાને દુ:ખી જોવાની ભાવના રાખ્યા કરતા આપણે કેમ દુ:ખ મૂક્ત રહીએ અને કેમ સુખી થઈ એ એવા ભાવ કે વિચાર રાખવા જોઈએ. બીજાના દુ:ખમાં આપણું સુખ નથી એ જલ્દી સમજાઈ જાય તો એ સમજણથી જ આપણું સુખ શરૂ થઈ જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સ્ત્રી : સંસાર રથની સારથી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જ્ઞાનીઓ કહ્યું છે કે ચાર દીવાલોથી મકાન જરૂર બને છે પણ મકાનમાંથી ઘર બને છે સ્ત્રીની હાજરીથી. સંસારિક જીવનમાં સ્ત્રીનું મહત્વ અધિક છે. કેમ કે સ્ત્રી કામમાં કુશળ હોય છે, સેવા સુશ્રુષામાં મુખ્ય હોય છે. ગમે તેવા સંજોગા હોય સુખના કે દુ:ખના, ખુશી કે ગમના, આનંદના કે શોકના સ્ત્રી કોઈપણ પરિસ્થિતિને સંભાળી લેવાની કુનેહને કુશળતા ધરાવે છે. સ્ત્રીનો સ્વભાવ મૂળથી જ સહનશીલતા ધરાવવાનો છે. સમતા અને ધૈર્યની અદ્ભૂત મૂર્તિ છે. સ્ત્રી જેટલી સહનશીલતા ભાગ્યે જ બીજા કોઈનામાં જોવા મળે.

અધીરો, ઉતાવળો અને આવેશભર્યો સ્વભાવ પુરૂષનો હોય છે. ક્ષણિક ક્રોધમાં આવી તે પોતે પોતાને ઝંઝાવતમાં મૂકી દે છે. જ્યારે સ્ત્રી ધૈર્યશીલ ક્ષમતાવાન, સહનશીલ શાંત અને સુશીલ ભાવ ધરાવતી હોવાથી તે બખૂબીથી કોઈપણ સમસ્યાને કુશળતાથી નિપટાવવા માટે કાબેલિયત ધરાવે છે. એટલે જ કહેવાયું છે કે સફળ પુરૂષ પાછળ સ્ત્રીનો હાથ હોય છે. સ્ત્રીનો પુરૂષને મળતો સાથ જેમાં સ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ, પરિપૂર્ણ પ્રેમ અને તન, મન, ધનથી તે પુરૂષને સહયોગ આપે છે, સમર્પણ ભાવ ધરે છે અને પુરૂષની હિંમત વધારે છે. પણ જ્યારે સ્ત્રીની સહનશક્તિ ખતમ થાય છે ત્યારે પુરૂષના જીવનમાં વિનાશ નક્કી થાય છે.

પુરૂષમાં અહમ વધુ હોય છે અને એને લીધે જ પુરૂષ વધુ દુ:ખી થાય છે. સ્વના દુ:ખની વાત અન્ય પાસે વ્યક્ત કરી શકતો નથી કે નથી અન્યનો સાથ સહયોગ કે ટેકો નથી માંગી શકતો. પુરૂષમાં સહનશક્તિ અને ધીરજ પણ નહિંવત હોય છે. જ્યારે સ્ત્રીમાં આ બંન્ને શક્તિ ભરપૂર હોય છે જે તેનામાં ખરે સમયે સ્ત્રીઓમાં આપોઆપ પ્રગટ થાય છે. પુરૂષના સંસારમાં સ્ત્રીની ગેરહાજરી હોય ત્યારે જ સ્ત્રીનું મહત્વ એ વખતે સમજાય છે. જેમ ભોજનમાં ચપટી ભર નમકના ગેરહાજરીને લીધે ભોજનની અનેક વાનગીઓથી સજાવેલો થાળ બે સ્વાદ બની જાય છે. કોઈપણ ઘરમાં શાંતિ જો વર્તાતી હોય તો સમજી લેવું કે આમાં ઘરનું કોઈ સ્ત્રી પાત્રની સહન શીલતા એરણે ચડી છે. સ્ત્રી સહનશીલતાને લીધે જ ગૃહસંસાર સરળતાથી આગળ ધપે છે એ હકીકત છે.

પુરૂષનો આવેશ, સંતાનોની જીદ, સાસુ સરાના કઠોર વચન સાથે કાર્ય અસંતોષને હસતા મુખે સહન કરવાને કારણે જ મકાન ઘર બને છે. સ્ત્રીના આ સમર્પણને લીધે જ કૃષ્ણની પહેલા રાધા, રામની પહેલા સીતા, નારાયણની આગળ લક્ષ્મી અને શંકરની પહેલા ઉમાનું નામોચ્ચાર કરાય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિ મૂક સેવક હેમરાજ ગોશર



મૂળ કચ્છ બાયઠ હાલે ઘાટકોપરના જ્ઞાતિ મૂકસેવક શ્રી હેમરાજભાઈ તા. ૨.૧.૨૨ના ટૂંકી માંદગી પછી અવસાન પામ્યા છે. CA શ્રી હેમરાજ ગોશરનો જન્મ ૧૯૩૯માં થયો હતો. તેઓ એક સાધારણ પરિવારમાંથી આવતા હોવાથી તેમનામાં જ્ઞાતિસેવાની વિશેષ દાઝ હતી સાથોસાથ તેઓ ધર્મ પરાયણ પણ હતા. તેમણે તેમના જીવનમાં અનેકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જ્ઞાતિની વિવિધ સેવાભાવી સંસ્થાઓમાં યોગ્ય માર્ગદર્શન પુરુ પાડયું હતું.

તેઓ શ્રી ખૂબજ વ્યવહારીક, મૃદુભાષી તથા આનંદી વ્યક્તિ હતા. હેમરાજભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ મે. એચ. એમ. ગોસર એન્ડ કું.ના સ્થાપક ભાગીદાર હતા અને ૫૦ વર્ષોથી કાર્યરત હતા. શ્રી અરિહંત બેંકના છેલ્લા ૩૦ વર્ષોથી ઈન્ટરનલ ઓડિટર હતા. તેઓશ્રીએ શ્રી અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટી તરીકે ત્રણ મુદત સેવા આપી હતી તથા શ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના કારોબારી સભ્ય, બાયઠ પ્રગતિ મંડળના પ્રમુખ, શેઠશ્રી નરશી નાથા, બાળાશ્રમ-નલિયાના પ્રમુખ હતા. સોમૈયા કોલેજમાં પચ્ચીસ વર્ષ સુધી પ્રોફેસર હતા અને અનેક ક.દ.ઓ. સંસ્થાઓના ઓડિટર તરીકે સેવા આપતા હતા. આવા કાર્યક્ષમ, કર્તવ્યનિષ્ઠ તથા સેવાભાવી વ્યક્તિત્વને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

## સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી જલગામ મહાજનના સાર્ધ શતાબ્દી વર્ષ સુધીની સફરની જાજરમાન ઝાંખી

આજથી આશરે દોઢસો વર્ષ અગાઉ શેઠશ્રી ટોકરશી નેણશી પરિવાર તેમજ માતુશ્રી ગંગાબાઈ જેઠાભાઈ દેવજી પરિવાર સુથરીવાળા જલગામ મધ્યે રહેતા હતા. એવું એમના અત્રે જલગામના ખરેદીખત અને મૃત્યુપત્ર પરથી જાણવા મળેલ છે. શ્રી જેઠાભાઈ દેવજી તત્કાલીન સમયે અત્રેની પાંજરાપોળમાં સંસ્થાપક અને વહીવટદાર તરીકે રહ્યાં. તેમના એકમેવ દિકરી ભચીબાઈનાં લગ્ન અત્રેના શેઠશ્રી કેશવજી હંસરાજ લાપસીયા કચ્છ ગામ સુથરીના સુપુત્ર શ્રી લાલજીભાઈ વેરે થયાં હતા. જેમની પોતાની પેઢી મે.લાલજી કેશવજી નામે ચાલતી હતી. તેમનો શાહુકારીનો ધંધો હોવાથી નગરશેઠ તરીકે સુવિખ્યાત હતા. તત્પૂર્વે કચ્છી સુથરીમાં રહેતા હોવાથી તેમની ચોપાટા તરીકે - વ્યવસ્થિત રીતે કાયદાકીય દસ્તાવેજો લખનાર બનાવનાર - ઓળખ હતી. આ લાપસીયા પરિવારની જલગામમાં ૨૨ થી ૨૮ અકસ્મ્યાત સંપતિની માલિકી હતી.

ત્યારબાદ ચાલીસગામથી ૧૯૦૦ થી ૧૯૨૦ના દાયકામાં શેઠશ્રી ચત્રભોજ લખમશી માડણ લોડાયા (છ ભાઈઓનો કુટુંબ પરિવાર હોતા છ ભાયા તરીકે જ્ઞાતિમાં ઓળખાયા) કચ્છ સાંયરાથી આવેલ હતા. તેમને એક પુત્ર શાંતિલાલ નામે જેનું ૧૯૬૬માં ૩૮ વર્ષની અલ્પ આયુએ હૃદય હુમલાને લીધે અવસાન થયું. તેમની પેઢીનાં વહીવટદાર તરીકે કાંતિલાલ ભવાનજી મોતા-પટેલ કચ્છ ગામ કુવા પધ્ધર સપત્ની હાજર હતા. શાંતિલાલ ચત્રભોજ એન્ડ કાું નામે ટ્રાન્સપોર્ટ ધંધો હતો. તેમનો મોટો દિકરો મુકેશભાઈ પોતાની અટક લોડાયાને બદલીને ઓસવાલ કરીને જ્ઞાતિમાં મુકેશ ઓસવાલ તરીકે પ્રસિદ્ધ પામ્યા ને શાંતિ રોડવેજ નામે ટ્રાન્સપોર્ટનો કારોબાર આગળ વધાર્યો.

૧૯૩૦-૪૦ના દાયકામાં દોન્ડાઈચાથી ધુલિયા માર્ગે શેઠશ્રી મુલજી દેવજી લોડાયા પરિવાર ગામ બારોઈ તેમના સાળા પદમશી હંસરાજ પોલડિયા પરિવાર ગોએરસમા અને કુંવરજી વેરશી મોમાયા પરિવાર કચ્છ બારોઈ આવ્યા હતા તો સને ૧૯૪૪-૪૫માં કારંજાથી મૂર્તિજાપૂરથી શ્રી હંસરાજ કલ્યાણજી મોમાયા ગામ જખૌ આવેલ તો સન ૧૯૪૬-૪૭માં સૈદાપુર-કર્ણાટકથી શ્રી વિશનજી વેરશી મોમાયા પરિવાર કચ્છ બારોઈ અત્રે પધાર્યા.

તેમના પુત્ર શ્રી જવેરચંદભાઈ સન ૧૯૬૦-૬૧માં મામા ટ્રાન્સપોર્ટની સ્થાપના કરેલ. તેમની જોડે તેમના ભાણેજો પણ સાથે રહેતા હતા જેને લીધે મામા તરીકે છાપ પડી અને તેમના ચહેરા પર મોટી મોટી મૂછ હોવાથી જવેરચંદ મોમાયા ‘મૂછડ મામા’ તરીકે પ્રસિદ્ધ થયા હતા. આગળ જતાં જ્ઞાતિજનોના વિશેષ આગમનથી જ્ઞાતિનો વિસ્તાર વધતો ગયો.

લોડાયા, પોલડિયા અને મોમાયા પરિવાર જેવા અનેક કુટુંબો એક જ ગલ્લીમાં રહેતા હોવાથી તે ગલ્લી કચ્છી ગલ્લી તરીકે પ્રસિદ્ધ થઈ છે જે દશાઈ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે.

હાલે અત્રે કેડીઓ જૈન ૯૫ જેટલા પરિવારના ઘરોને વસ્તી છે ને લગભગ ૩૫૦ સભ્યોની જનગણના છે.

અત્રે સ્થાનિકે વ્યાપાર વ્યવસાયમાં નોકરીની ઉમદા તકો છે. ૧૦ જેટલા જ્ઞાતિજનોના અત્રે ટ્રાન્સપોર્ટનો ધીખતો ધંધો છે. એકની રેડી ફૂડ બનાવવાની એમઆઈડીસીમાં ફેક્ટરી છે. એકનો ખાખરા અને ચીક્કીનો મોટો ઉદ્યોગ છે. તેમજ થાણા મુંબઈની આપણી જ્ઞાતિજનની અગ્રીમ ફર્મ એચડી ફાયર પ્રોટેક્ટ પ્રાઇવેટ લિમિટેડની એક શાખા એકમ અત્રે એમઆઈડીસી માં કાર્યરત છે.

બે સગા ભાઈઓ શ્રી મોરારજી અને શ્રી લક્ષ્મીચંદ પદમશી પોલડીયામાં એક બેંક ઓફ બરોડામાં તો બીજા એલપી તરીકે ઓળખાતા લક્ષ્મીચંદભાઈ ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપનીમાં મેનેજર તરીકે ૨૫ થી ૩૦ વર્ષ ફરજ બજાવી રેકોર્ડ સર્જ્યો. જ્ઞાતિના ૧૦ જેટલા યુવાનોને ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યોરન્સમાં રોજી રોટી આપવાનું પુણ્ય કાર્ય કરેલ.

પાચોરા આ ગામના અગ્રણી શ્રેષ્ઠવર્ય શ્રી લક્ષ્મીચંદભાઈ અને કુંવરજીભાઇ જીવરાજ હીરજી લોડાયા પરિવાર કોઠારાનો કપાસનો બહુ મોટો વ્યવસાય અને જિનિંગ ફેક્ટરીઓ હતી પરંતુ સન ૧૯૭૦માં મહારાષ્ટ્ર સરકારે કપાસ ઉપર એકાધિકાર લાવીને આપણા જ્ઞાતિજનોનો કપાસનો વ્યાપાર છીનવી લીધો. આ પરિવારનો લાંબા સમયથી ઘણા બધા ખેડૂતો સાથેનો સંપર્ક બહુ જ સારો રહ્યો હતો તેથી જ આ પરિવારે કપાસના ધંધામાંથી ખેતરને લગતું ફર્ટિલાઇઝર અને ખાતર અને બિયારણ ક્ષેત્રમાં પગરણ માંડ્યા અને સમયના વહેણ સાથે પ્રગતિના પંથ સોપાન ચડીને આજે જલગામ ખાતે મહાવીર કૃષિ સેવા એક વટવૃક્ષની જેમ અડીખમ રીતે ઊભું છે તેની વડવાઈઓ સહ ઝૂલીને મ્હાલી રહ્યું છે.

અત્રે મરાઠી, હિન્દી, ઈંગ્લિશ માધ્યમની સ્કૂલોની સુવિધા ઘણી જ છે. સ્ટેટ બોર્ડ, સીબીએસઈ અને આંતરરાષ્ટ્રીય સ્કુલ

# શ્રી જલગામ મહાજનના સાર્ધ શતાબ્દી વર્ષ સુધીની સફરની જાજરમાન ઝાંખી

સિવાય કન્યા સ્કૂલ, મહિલા કોલેજ પણ છે. આર્ટસ, કોમર્સ, સાયન્સ ઉપરાંત મેડિકલ એન્જિનીયર આયુર્વેદને ફાર્મસી કોલેજ પણ છે. જૈન વિદ્યાર્થીઓ માટે શ્રી કાનજી શિવજી ઓસવાલ જૈન બોર્ડિંગ પણ એક શતકથી વધુ વર્ષોથી કાર્યરત છે.

વિશ્વ પ્રસિદ્ધ અજન્ટા ઈલોરાની ગુફાઓ સુધી અહીંથી જવાય છે. નૈસર્ગિક અભ્યારણ્ય, મંગળ ગૃહનું મંદિર, ડાબી જમણી સૂંઢવાળા બન્ને ગણપતિજીનો એક સાથે મંદિર તો જૈન હિલ્સ પર ગાંધીતીર્થ રમણીય સ્થળ છે. અહિંસા તીર્થ, અદ્યતન આધુનિક પાંજરાપોળ, શ્રી દાદા જિનકુશલસૂરિ દાદાવાડી અને શ્રી ભાગ્યવર્ધન પાર્શ્વનાથ દેરાસર જૈનો માટે પરમ તીર્થધામ છે. મુંબઈની ચોપાટીની ગરજ સારતો મહેરૂણ તળાવ અને રમણીય ગાર્ડન ભાઉચા ઉદ્યાન હરવા ફરવાના ધામ છે. કદઓ જૈનોનું ખાનદેશ પ્રાંતનું મીની પાલીતાણા એટલે પારોલા તીર્થ ધર્મનું ધબકતું ધામ છે.

જલગામના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર છે જેમાં પ્રભુજીની મૂળનાયક તરીકે સ્થાપના સંવત ૧૯૮૦ સને ૧૯૨૪માં કરવામાં આવેલ હતી. આનું સંચાલન શ્રી લાલજી કેશવજી પાસેથી આવ્યું. આમ આઠ નવ દાયકાઓ પૂર્વે દેરાસરનો વહીવટ સંચાલન આપણા વડીલોના હસ્તક જ હતું પરંતુ આગળ આપણા વડીલો સંભાળી ન શકતા તપાગચ્છીયો પાસે સંચાલન ચાલ્યું ગયું.

જ્યારે શ્રી પારોલા તીર્થનું દેરાસર ખાનદેશ પ્રાંતના સાત મહાજન વડે સંચાલિત કરાય છે એટલે સાતમાં વચ્ચે એક રતન. જેમાં વળી જલગામ મહાજનશ્રી મોભી અને અને વડીલ મહાજનશ્રી ગણાય. એટલે જ અત્રે આપણું ક.દ.ઓ. જૈનનું દેરાસર જવાબમાં હાં છે આ જ સંયુક્તિક અને યોગ્ય જવાબ ગણાય.

શ્રી પારોલા તીર્થ ખાતેના પ્રમુખશ્રી અત્રેના જ્યેષ્ઠ વડિલ શ્રેષ્ઠીવર્ય શ્રી ધનપતિભાઈ કુંવરજી મોમાયા, કચ્છ બારોઈ છે તો અન્ય ટ્રસ્ટીઓમાં અત્રેના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી છેડા, કચ્છ ગામ જસાપર, શ્રી અશોકભાઈ પોલડીયા કચ્છ ગામ ગોએરસમા, શ્રી દિનેશભાઈ લોડાયા કચ્છ ગામ બારોઈ તેમજ શ્રી લલિતભાઈ લોડાયા કચ્છ ગામ કોઠારા આ પારોલા તીર્થ તેમજ જલગામના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘના એમ બન્ને ઠેકાણે ટ્રસ્ટીપદે બિરાજમાન છે.

અત્રે શ્રી મહાકાળી ભાવના મંડળની સ્થાપના કરાઈ છે. જેના પાયામાં અત્રેના લાડીલા સામાજિક કાર્યકર્તા લક્ષ્મીચંદભાઈ મુલજી દેવજી લોડાયા, તેમના ધર્મપત્ની કસ્તુરીબાઈ તેમજ અત્રેના શ્રી નારાણજી શિવજી સોનીની પરમ ભક્તિ હતી.

શ્રી ક.દ.ઓ જૈન મહારાષ્ટ્ર એકમની સ્થાપના જલગામમાં ૧૯૭૮-૭૯માં શેઠશ્રી લક્ષ્મીચંદભાઈ મુલજી લોડાયા, જલગામ શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ મલકાપુર, શેઠશ્રી આણંદજી નરપાર નાગડા ખામગામ આદિ ધુરંધર લોકોના પ્રયત્નોથી થઈ.

અત્રેનું મહાજનશ્રી વર્ષો પહેલાથી દશા અને વિશા બન્ને જણા ભાઈઓની જેમ એકત્ર રહેતા હોવાથી શ્રી કચ્છી દશા વિશા ઓશવાલ જૈન મહાજન જલગામ નામ તરીકે જ ચાલતું હતું. પરંતુ સન ૧૯૯૭માં સમગ્ર કદઓ જૈન જ્ઞાતિ માટેનો જ્ઞાતિ સ્તરે પ્રથમ વખત સગપણ પરિચય મિલન સંમેલનનો કાર્યક્રમ ગોઠવવા માટે એક સ્વતંત્ર પોતાના અલાયદા એવું શ્રી ક.દ. ઓ. જૈન મહાજનની ગરજ સારી હતી એટલે પ્રથમ સ્થાનિક સ્તરે શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જલગામની સ્થાપના કરીને પ્રથમ પ્રમુખ તરીકે શ્રી ધનપતિભાઈ મોમાયાની વરણી કરવામાં આવી હતી. તેમની જ રાહબરીમાં શ્રી સમગ્ર ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું સગપણ મિલન સંમેલન પાર પડ્યું હતું. જેની ફળશ્રુતિ રૂપે લગભગ ૨૫-૩૦ સગપણ સુનિશ્ચિત થયેલ હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# દીક્ષાર્થી મુમુક્ષુ કુ. કિંજલબેન મોતાનું કચ્છી ભવન પાલીતાણામાં બહુમાન કરાયું





શત્રુંજય તીર્થ આંગણે શ્રી કચ્છી વિશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન સંચાલિત કચ્છી ભવન પાલિતાણામાં તા.૧ જાન્યુઆરી શનિવારના દિને નૂતન ગણિવર્ય પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી કિંજલબેન લહેરચંદભાઈ ભવાનજી મોતા ઉ.વ.૨૫ વારાપધ્ધર, સાંગલીનું બહુમાન કરાયું.

# શ્રી આર્યગુણ ગુરૂકૃપા જૈનતીર્થ રામજી કા ગોળની પંચમ વર્ષ સાલગિરાહની તા.૨૬ જાન્યુ.ના ઉજવણી કરાશે

શ્રી આર્યગુણ ગુરૂકૃપા જૈનતીર્થ રામજી કા ગોળના અધિનાયક શ્રી મેરૂતુંડ પાર્શ્વનાથ જિનાલયની પ્રભુ પ્રતિમા અને દાદાવાડી દેરીની પંચમ વર્ષ ધ્વજારોહણનો કાર્યક્રમ તા.૨૬ જાન્યુઆરી બુધવારના આયોજિત કરાયેલ છે. તીર્થ ટ્રસ્ટ મંડળના અધ્યક્ષ ભીમરાજ બોહરાએ માહિતી આપતા કહ્યું કે ધ્વજારોહણ પ્રસંગે જિનભક્તિ મહોત્સવ અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી સરળ સ્વભાવી પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા., તપજ્યોતિ પ.પૂ.સાધ્વીશ્રી રત્નકેવલ્યાપ્રિયાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં થશે. તીર્થ ટ્રસ્ટ મંડળના મંત્રી લુણકરણ સિંઘવીના જણાવ્યા પ્રમાણે મહોત્સવ દરમ્યાન દેવ દર્શન, પૂજા, પ્રભુ આંગી, આરતી, મંગલ દીવો, સતરભેદી પૂજા પ્રભુભક્તિ અને સાધર્મિક ભક્તિ કરાશે.

વર્ષગાંઠના પૂર્વ દિવસે તા.૨૫ જાન્યુઆરી ટ્રસ્ટ મંડળની મિટીંગમાં આગામી કાર્યોની ચર્ચા વિચારણા સાથે આગામી પોષ દસમી મેળા અને વાર્ષિક ચડાવાના આદેશ અપાશે.

# મોક્ષ વિષે મીમાંસા દર્શન કરાવતો જ્ઞાન વિથ ગુરૂદેવનો ૧૧મો એપિસોડ



યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. સાથે ધર્મજ્ઞાન આપતા સવાલોના વિશદપણે જવાબના આજ દિવસ સુધી ૧૦ એપિસોડ બહાર આવ્યા છે. ૭.૩૧ મિનિટનો ૧૧મો એપિસોડ મોક્ષ વિષેની મીમાંસા કરાવે છે. વૈભવ મનોજ લોડાયા દ્વારા ધર્મ જાણવા વિષેના સવાલો સાહેબને પૂછે છે જેના જવાબ રૂપે મહારાજ સાહેબ ઊંડાણપૂર્વક તલસ્પર્શી રીતે સમજ આપે છે. આ અગિયારમો એપિસોડ યુટ્યુબ લિંક https://youtu.be/RVMQtcYHpJY ઉપર જોવા જાણવાને માણવા લાયક છે.

# શ્રી જખૌ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખપદે શ્રી રાયચંદ દેવશી જીવાણી



શ્રી જખૌ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખપદે શ્રી રાયચંદ દેવશી જીવાણીની વરણી થઈ છે આ બદલ તેઓશ્રીને હાર્દિક અભિનંદન સાથે સાથે તેમની રાહબરી હેઠળ જ્ઞાતિ સમાજના સારા કાર્યો સંપન્ન થાય તેવી શુભેચ્છા.

# નગરસેવિકા નેહલ અમર શાહ ખોનાના પ્રયત્નોથી એફ-નોર્થ વિભાગમાં કોવિડ -૧૯ ઈન્ફોર્મેશન કંટ્રોલ રૂમની શરૂઆત

કોવિડ-૧૯ના વાયરસનો પ્રકોપ ફરી દેશભરમાં વધી રહ્યો છે. જેને માટે પ્રત્યેક નાગરિકએ જાગરૂકતા સાથે સરકારની ગાઈડ લાઈન્સનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી રહે છે. કોવિડ સંક્રમણથી બચવા જાહેર સ્થળોએ વધુ ન જવું જોઈએ.

મુંબઈ મહાનગરના એફ નાર્થ વિભાગના સાયન, સાયન કોલીવાડા, માટુંગા, દાદર કીંગ્ઝ સર્કલ અને વડાલાના નાગરિકોની સુવિધાર્થે કોવિડ-૧૯ ઈન્ફોર્મેશન અને બેડ અવેલીબીટીની જાણકારી ઘર બેઠા મળે એ માટે હેલ્પલાઈન નં.૯૧૨૨-૨૪૦૧૧૩૮૦નો પ્રારંભ વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા સાંઘવ-દાદરના નેહલ અમર શાહ-ખોનાના પ્રયત્નોથી કરાયો છે.

ફ્રી એન્ટિજિન અને આરટીપીસીઆર ટેસ્ટ સેન્ટર પણ નીચે મુજબ સ્થળે શરૂ કરાયા છે.

૧) એલ.બી.એસ.માર્કેટ ડિસ્પેન્સરી, માટુંગા (પૂર્વ) સે.રે. મું.-૧૯. સમય : ૧૦ થી ૧.
૨) લોકમાન્ય ટિળક મ્યુ. જનરલ હોસ્પિટલ, સાયન, મું.-૧૯. સમય : ૯ થી ૪
૩) મ્યુનિસિપલ મેટરનિટી હોમ, રાવલી કેમ્પ, સાયન, મું.-૨૨. સમય : ૧૦ થી ૧૨.
૪) વડાલા ડિસ્પેન્સરી સમય : ૧૦ થી ૧
૫) રાવલી કેમ્પ ડિસ્પેન્સરી સમય : ૧૦ થી ૧
૬) કોરબા મિઠાનગર ડિસ્પેન્સરી સમય ૧૦ થી ૧
૭) એન્ટોપ હિલ ડિસ્પેન્સરી સમય : ૧૦ થી ૧
૮) પ્રતિક્ષા નગર ટ્રાંન્સ્ટિટ કેમ્પ ડિસ્પેન્સરી સમય : ૧૦ થી ૧
૯) ન્યુ ટ્રાંન્ઝીટ કેમ્પ ડિસ્પેન્સરી સમય : ૧૦ થી ૧

# ૧૫ થી ૪૫ વર્ષના નવયુવાનો આયુ સાથે જરૂર જોડાય

જિનશાસનને દિલથી સમર્પિત ૧૫ થી ૪૫ વર્ષ આયુ સુધીના નવયુવાનો ધર્મસંઘની કાર્ય સેવા દ્વારા પુણ્ય કમાવવા હેતુ એવા પ્લેટફોર્મ પર આજે જ જોડાય. માનવ સેવા, જીવદયા, સાધર્મિક ભક્તિ, અનુકંપાદન, તીર્થ સેવા, તીર્થ શુધ્ધિકરણ આદિ અનેક વિધ શાસન કાર્યો સ્નેહ સંપ, સંગઠન દ્વારા કરવા અને એ માટે આપનું પોતાનું જીવન ધન્ય બનાવવા દરેકે દરેક જૈન યુવાઓ આમાં જરૂર જોડાય.

સંગઠનનું નામ શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ (અયુપ). વધુ વિગત માટે વિરલભાઈનો ૭૦૩૯૭૯૦૭૮૯ સંપર્ક કરવો.

તમો અને તમારો બહોળો ફ્રેન્ડ સર્કલના દરેક યુવાનો ગુગલ ફોર્મ ઓનલાઈન જરૂરથી ભરી સબ્મીટ કરે. ગુગલ ફોર્મ માટેની લિંક https://forms.gle/Yui6yxPPtUpJswKd8

## મુમુક્ષુ કરિશ્માબેનની દીક્ષાની આમંત્રણ પત્રિકાનું લેખન અને કંકુ છાંટણાનો કાર્યક્રમ થયો







કચ્છ વિભાગના રમણીય બંદરીય શહેર માંડવી સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેન માંગીલાલ બોહરાનો મહામૂલો સંયમ કેશરીયો પર્વ દીક્ષા ગ્રહણ તા.૩૦ માર્ચ ૨૦૨૨ બુધવારના દિને છે જેની આમંત્રણ પત્રિકાનું લેખન અને કંકુ છાંટણાનો કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં યોજાયો.

## અબડાસા પ્રાંતના પ્રથમ ત્રિમૂર્તિ ગુરૂ મંદિરમાં દાદાસાહેબ શ્રી આદિ ગુરૂબિંબોની પ્રતિષ્ઠા પ્રસંગે પધારવાનું આમંત્રણ

અબડાસા પ્રાંતનુ પ્રવેશ દ્વાર સૌભાગ્યશાળી સાંધાણ તીર્થની ધરા પર અબડાસા વિભાગના પ્રથમ ત્રિમૂર્તિ ગુરૂ મંદિરમાં જંગમ યુગ પ્રધાન અનેક નૃત પ્રતિબોધક દાદા સાહેબશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરૂબિંબોની પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ તા.૧૩ જાન્યુઆરી ગુરૂવારથી શનિવાર તા.૧૫ જાન્યુઆરી સુધી પ્રતિષ્ઠાચાર્ય નિશ્રાનાયક સજોડ શાસનપ્રભાવક ૨૧-૨૧ વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં થશે. પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો, પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતો. પ્રતિષ્ઠા મહોત્સવ ઝાંખી કાર્યક્રમમાં તા.૧૨ જાન્યુઆરી બુધવાર પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણી ભગવંતોનું પ્રવેશ સામૈયું.

તા.૧૩ જાન્યુઆરી ગુરૂવાર નૂતન ગુરૂબિંબોનો નગર પ્રવેશ સહ શોભાયાત્રા. સવારે શુભ મુર્હૂતે. બપોરે ૧.૩૦ કલાકે ગુરૂવંદનાવલી દીપકભાઈ કોઠારી તથા સંગીતકાર કિશોર સંધારના સંગાથે. તા.૧૪ જાન્યુઆરી શુક્રવારે સવારે ૮ થી ૯.૫૦ સ્નાત્રપૂજા, નવગ્રહ પાટલા પૂજન સવારના ૯.૫૦ થી ૧૦.૧૦ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા શાસન રક્ષિકા શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિઓનું ઉત્થાપન ૧૧ થી ૧૨ ચારે મૂર્તિઓનું અભિષેક બપોરે ૨ કલાકે ભગવતી મંડળ દેવીપૂજન. લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી બારસીવાલા સાંધાણ પરિવાર. શનિવાર તા.૧૫ જાન્યુઆરી સવારે ૯ કલાકે ચાર મૂર્તિઓની પ્રતિષ્ઠા, વિધિકાર શાસન રત્ન ૨૫-૨૫ વર્ષીના તપ આરાધક નરેન્દ્રભાઈ નંદુ તથા કચવન્ન અને મેઘ નંદુ સંગીતકાર ક્રિષ્ણકાંત સામાણી એન્ડ પાર્ટી, ત્રણેય દિવસ દેવ ગુરૂની સુંદર તથા ભવ્યાતિ ભવ્ય સુશોભન કરવામાં આવશે. ગુરૂદેવો પ્રત્યેની ગુરૂભક્તિ પ્રદર્શિત કરવા પધારવા આમંત્રણ શ્રી કચ્છ સાંધાણ દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ દ્વારા અપાયું છે. નૂતન ગુરૂમંદિરના મુખ્યદાતા પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સ્વ.શ્રી જતીનકુમાર, અંજલિબેન, દીયા, દિશા, ભાવિકાબેનના સ્મરણાર્થે માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી પરિવાર સાંધાણ-બારસીવાળા. યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ઉત્થાપન પુનઃપ્રતિષ્ઠા એવમ અભિષેકના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી પરિવાર સાંધાણ-બારસીવાળા. ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રતિમા ભરાવવાનું તથા પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી પરિવાર સાંધાણ-બારસીવાળા. અભિષેકના લાભાર્થી શેઠશ્રી રાયચંદ ઠાકરશી નાગડા પરિવાર સાંધાણ હ. રાજેશભાઈ, જયેશભાઈ.

જિનશાસન શિરોમણિ તીર્થોધ્ધારક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રતિમા ભરાવવાનું પ્રતિષ્ઠા એવમ અભિષેકના લાભાર્થી શેઠશ્રી રાયચંદ ઠાકરશી નાગડા પરિવાર સાંધાણ હ. રાજેશભાઈ, જયેશભાઈ.

જે ભાઈ બહેનોને સાંધાણ મહોત્સવમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો જેથી આવનારની સગવડતા સાચવવામાં સુગમતા રહે. સંપર્ક દિનેશભાઈ-૯૩૨૩૧૫૦૩૦૩, રાજેન્દ્રભાઈ-૯૯૬૭૯૭૫૭૭૮, કીર્તિભાઈ-૯૩૨૩૯૫૬૬૩૩

# કચ્છી ભવન પાલિતાણા મધે દીક્ષાર્થી મુમુક્ષુ કુ. કિંજલબેનની દીક્ષા મુહૂર્તના વધામણા તેમજ વિરતી વધામણાં નો કાર્યક્રમ ચડતા ભાવે થયો







તા.૧ જાન્યુઆરી શનિવારના રોજે કચ્છી ભુવન પાલીતાણા મધે તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના કૃપાપાત્ર નૂતન ગણિવર્ય પ.પૂ.શ્રી રાજરત્નસાગરજી મ.સા. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૧૨ની પાવનકારી નિશ્રામાં દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી કિંજલબેન લહેરચંદભાઈ ભવાનજી મોતા ઉ.વ.૨૫ની દીક્ષા નિમિત્તે વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા., દ્વારા અપાયેલા દીક્ષા મુહૂર્તના વધામણાં તેમજ વિરતી વધામણાનો કાર્યક્રમ ચડતા ભાવ સાથે સંપન્ન થયો.

મુમુક્ષુ કુમારી કિંજલબેનની દીક્ષા પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિજી મ.સા.ના વરદ હસ્તે તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૨ સોમવારના ગુણોદય પુરમ પાલિતાણા મધે રાખવામાં આવેલ છે.




# નાંદેડની ગુજરાતી શિક્ષણ સંસ્થાના અધ્યક્ષપદે કેતનભાઈ નાગડાની વરણી



નાંદેડની ગુજરાતી શિક્ષણ સંસ્થાની નવી ટર્મ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સમાજહિત વિકાસના કાર્યો માટે સતત નિષ્ઠાભર્યા પ્રયાસો સફળતાપૂર્વક આગળ વધારનાર કેતનભાઈ કુલીનકાંત નાગડા તેરાની સતત ત્રીજી વખત માટે અધ્યક્ષપદે વરણી કરાઈ. આ ગૌરવ ભરી પ્રતિષ્ઠા બદલ અને અધ્યક્ષપદે હેટ્રીક કરવા બદલ કેતનભાઈ નાગડાને હાર્દિક અભિનંદન અને સમાજ ઉપયોગી કાર્યો કરી નામ ઉજવળ કરતા રહો એજ શુભેચ્છા.

# નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં ગણિવર્ય મ.સા.ના સાંનિધ્યમાં ૧૫ દિવ્યાંગોને મફત વ્હીલચેરનું વિતરણ કરાયું





તા.૨ જાન્યુઆરી રવિવારના રોજે શ્રી આદિ જિન યુવક મંડળ વાલકેશ્વર દ્વારા નાલાસોપારા (ઈસ્ટ) અચલગચ્છ સંઘમાં ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ૧૫ વિકલાંગજનોને ફ્રી વ્હીલચેરનું વિતરણ કરાયું.



આ અવસરે યુવા પ્રભાવી પ્રવચનકાર પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ને ઉપસ્થિત રહેલ સૌને માનવસેવા કાર્યનું મહત્ત્વ સમજાવ્યું અને સદૈવ સારા કાર્ય કરતા રહેવાના આશીર્વાદ આપ્યા હતા.

શ્રી આદિ જિન યુવક મંડળમાં જોડાયેલા નાલાસોપારાના હિંમાશું હિંગુનુ યોગદાન પ્રશંસનીય રહ્યું હતું. સૌનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરી અનુમોદના વ્યક્ત કરાઈ હતી.

# પાલિતાણા છ'રી પાલિત સંઘમાં દાદાના શિખરે ધ્વજા ચડશે એની પધરામણી ભાંડુપમાં થતાં ભક્તિ ભાવના ભણાઈ





પ.પૂ.અચલગચ્છાધિપતિ અ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ગુણોદય ધામ સોનગઢથી શ્રી શત્રુંજ્ય મહાતીર્થના છ'રી પાલક સંઘના સંઘપતિઓ દ્વારા શ્રી આદેશ્વરદાદાના શિખરે ચડાવવામાં આવનાર ધ્વજા ભાંડુપમાં દુલારીબેન પંકજભાઈ ગોસરના નિવાસ સ્થાને તા.૭ જાન્યુઆરી શુક્રવારે પધારતા ભાવપૂર્વક સ્વાગત કરાયું હતું અને રાત્રે ૯.૩૦ થી ૧૦.૩૦ સુધી શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ધ્વજા સમક્ષ દાદાની ભાવપૂર્વક ભક્તિની રમઝટ બોલાવેલ.

## ખાનદેશ પ્રાંતના પારોલા તીર્થે ક.દ.ઓ.સંઘોના પ્રતિનિધિઓનું સ્નેહમિલન

આજે નાના નાના ગામડાઓમાં વસ્તી ઘટી રહી છે. દેરાસર ઉપાશ્રયના વહીવટ સંભાળવા કપરા બન્યાં છે. આવા સમયે સંઘોની વિવિધ પ્રકારની સમસ્યાઓનો સુયોગ્ય ઉકેલ લાવવા સંઘોને માર્ગદર્શન એવં સહાયતા આપી હર્યા ભર્યા કરવા માટેનો એક નાનો પ્રાથમિક પ્રયાસ રૂપે ગુણ ગુણોદય મુક્તિ જય દિવ્ય આશિષે શાસન પ્રભાવિકા પ.પૂ.શ્રી જયલક્ષ્મીજી મ.સા.ના સુશિષ્યા, ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણા માર્ગદર્શન એવં નિશ્રામાં તા.૨૩ જાન્યુઆરી રવિવારના સવારના ૯ થી ૫ સુધી શ્રી શાંતિનાથ દાદાની છાયામાં શ્રી પારોલા તીર્થે રથ ગલ્લી પારોલા જિ. જલગામ મધે એક મિટિંગનું આયોજન કરાયું છે. જેમાં વધુને વધુ સંઘોના બે-બે પ્રતિનિધિઓ આ મિટિંગમાં પધારી શાસનના કાર્યને સફળ બનાવવા સહયોગ આપવા સહયોગ આપે. આગમનની જાણ કરશો જેથી વ્યવસ્થામાં સુગમતા રહે એવી વિનંતી આમંત્રક આયોજક પારોલા ક.દ.ઓ.શ્વે.મુ.સંઘના પ્રમુખ ધનપતિ કુંવરજી મોમાયા જલગામ દ્વારા કરાઈ છે.

સંપર્ક સૂત્ર સંકેત કે. લોડાયા, પાચોરા-૮૮૭૯૦૮૦૩૭૯, અશોક એલ.પોલડિયા, જલગામ-૯૪૨૨૨૧૨૨૫૦, હરીશ પી. લોડાયા, અમલનેર-૯૪૨૨૪૦૯૬૫૬, દિલીપ એસ. પોલડિયા, પારોલા-૭૭૯૮૮૧૨૨૪૯

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મણીકાંત લાપસિયા**
તા.૧ જાન્યુ. (ઉ.૬૫)
દલતુંગી-નાલાસોપારા



**ચેતના લોડાયા**
તા.૨ જાન્યુ. (ઉ.૭૨)
સુથરી-વડોદરા



**હેમરાજ ગોસર**
તા.૨ જાન્યુ. (ઉ.૮૩)
બાયઠ-ઘાટકોપર



**ઉષા દંડ**
તા.૨ જાન્યુ. (ઉ.૫૭)
ભરૂડિયા-ડોંબિવલી



**ખીમજી લાલકા**
તા.૩ જાન્યુ. (ઉ.૯૭)
વારાપધ્ધર-આદિપુર



**હીર મોમાયા**
તા.૭ જાન્યુ. (ઉ.૮૯)
બારોઈ-સેંધવા



**પ્રવીણ ડાઘા**
તા.૮ જાન્યુ. (ઉ.૮૬)
વરાડીયા-ચેન્નાઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● કૌન બનેગા કરોડપતિમાં પોતાના પ્રિય અભિનેતા સામે હોટ સીટ પર બેસવામાં સફળ થનારા ભુજના જયશ્રીબા પ્રદ્યુમન સિંહ ગોહિલે મહાનાયક અમિતાભ બચ્ચનને હસાવી દીધા હતા અને ૨૫ લાખ રૂપિયા જીતી લીધા હતા. મહેસૂલ તંત્રમાં સબ રજિસ્ટ્રારમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા જયશ્રીબાએ બીગબીના સવાલોના સમજી વિચારીને જવાબ આપવા સાથે ભજન, ભવાઈ રજૂ કરીને સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું. ભુજના જલેબી, ફાફડા, ગાંઠિયા પકવાન તો વખણાય જ છે પરંતુ દાબેલી મારી અને ભુજવાસીઓની મનગમતી વાનગી છે. તેવું કહેતાં જયશ્રીબાએ અમિતાભને ગુજરાત કચ્છને ભુજમાં આવવા અપીલ કરી હતી. સાડાબાર લાખ માટે ગુજરાતી સમર્થ સર્જક મનુભાઈ પંચોલી દર્શક અંગે પ્રશ્ન પૂછાયો હતો.

● રોડ ઉપરનું ટ્રાફિકનું ભાર ઘટાડવા કાર, ટ્રક જેવા વાહનોને રો-રો-રોલ ઓન રોલ ઓફ સર્વિસ મારફત કચ્છના સામખિયાળીથી રાજસ્થાનના સવાઈ માધોપુર સુધી ટ્રેન સેવા મારફત પરિવહનને તંત્રે મંજૂરી આપી છે. આ ઉપરાંત કંડલા રેલવે સ્ટેશન ખાતેથી નવા કાર્ગોનું પરિવહન શરૂ થયું છે. જેના પરિણામે પશ્ચિમ રેલવેની આવકમાં નોંધપાત્ર ફાળો આપતા કચ્છ એરિયાનું યોગદાન વધુ મજબૂત થશે.

● જાદુગરના વિશ્વના સૌથી મોટા સંગઠન ઈન્ટરનેશનલ બ્રધર હૂડ ઓફ મેજિશિયન્સ ન્યૂયોર્ક દ્વારા કોવિડ-૧૯ના કારણે આંતરરાષ્ટ્રીય  ઓનલાઈન મેજિક સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ ઓનલાઈન સ્પર્ધામાં ૧૦૦ દેશના જાદુગરોએ ભાગ લીધો હતો. જેમાં કચ્છના જાદુગર જવાલાને બીજું સ્થાન મળ્યું હતું. આ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં ભારત પાકિસ્તાન, શ્રીલંકા, ફિલિપિન્સ, તુર્કી, ઈજિપ્ત, વિયેતનામ અને કોરિયા સહિત ૧૫ જાદુગરોની પસંદગી થઈ હતી ને ફાઈનલ રાઉન્ડમાં દ્વિતિય નંબરે કચ્છના જાદુગર જવાલા એ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જાદુગર જવાલા નાટકના પણ કલાકાર છે. તેમના નાટક નશો ના કરશો કોઈના ૧૫૦ કરતાં વધારે શો થયાં છે. જે બદલ તેમનું સન્માન પણ કરાયું છે. તેમને મુખ્યમંત્રી દ્વારા મલ્ટિ ટેલેન્ટ તરીકેના એવોર્ડથી સન્માનિત કરાયા છે.

● કચ્છમાં દસ્તાવેજીકરણ ઝંખતા અનેક વિષય છે. કચ્છીયતના અખૂટ ભંડાર સમાન ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ કરાવી શકાય તેવા વિભિન્ન વિષયોનું દસ્તાવેજીકરણ કરવાનો સૂર ભુજ ખાતે ૪૮ સર્જકોની ગોષ્ઠિમાં ઊઠ્યો હતો. વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટના ઉપક્રમે યોજાયેલ આ ગોષ્ઠિમાં ગ્રામવિકાસના સ્વપ્ન દ્રષ્ટા કાંતિસેન શ્રોફ (કાકા)ના ૨૦૨૨ વર્ષ જન્મ શતાબ્દી વર્ષમાં વિચારાધીન પ્રવૃત્તિઓની માહિતી અપાઈ હતી.

● સાઉદી અરેબિયા ઈકોસોક તથા યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય પરિષદમાં અસ્ટેનેબલ ગોલ પર શિક્ષણની ગુણવત્તા વિષે કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના અધ્યક્ષા ડૉ.કલ્પના સતીજાનું સંશોધન પત્ર રજૂ કરવામાં આવ્યું હતું. રાજ્યના કુલ્લ ૩૩ જિલ્લાઓમાં શિક્ષણની ગુણવત્તા કેવી છે તેના પર ચર્ચા કરવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સના તમામ સભ્યો દ્વારા ૨૦૩૦ સુધીના મુખ્ય એજન્ડામાં એસીડીજી ૪ને શિક્ષણની ગુણવત્તા પર ભાર મૂકી શિક્ષણ એક માનવ વિકાસના અગત્યના ચાવી રૂપ સૂચક આંક તરીકે કેવી રીતે સાબિત કરી શકાય તેના પર ભાર મૂકાયો હતો.

● કચ્છના નિવૃત્ત પી.એસ.આઈ.રામસિંહભાઈ ચૌધરીના પર્વતારોહક સાહસિક પુત્ર જતીનભાઈ ચૌધરી ૪૨ વર્ષની વયે પર્વતારોહકો માટે પડકાર રૂપ લેખાતુ અતિ કઠિન શિખર અમાડબ્બમ જેની ઊંચાઈ ૨૨૫૦૦ ફિટ છે. આ શિખર સર કરીને ગુજરાત-કચ્છનું નામ રોશન કર્યું છે. તે સાથોસાથ ૨૧ હજાર ફૂટ ઊંચું લોબ્યુસ શિખરપટ સર કરી ગૌરવપૂર્ણ સાહસ કર્યું છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA